સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# સ્વયં ભગવાન જ ભક્તોને બહુ ચાહે છે

**ધર્મ દર્શન**

**બાળકૃષ્ણ વડનેરે**

શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય ૯માં શ્લોક ૨૬માં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે,

“પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ।
તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ॥” ॥૨૬॥

અર્થ છે, ‘જો કોઈ ભક્ત મને પ્રેમથી પર્ણ, ફૂલ, ફળ કે પાણી અર્પણ કરે છે, એ શુદ્ધ બુદ્ધિવાળા નિષ્કામ, પ્રેમી ભક્ત દ્વારા પ્રેમથી અર્પણ કરેલ તે પર્ણ, ફૂલ, ફળ, પાણી હું સગુણરૂપે પ્રગટ થઈને ખૂબ જ પ્રેમથી સ્વીકારું છું. સેવન કરું છું.’ સંત શ્રી જ્ઞાનેશ્વર મહારાજે ભગવદ્ ગીતા પર લખેલ

> **પ્રેમ, ઉત્સાહ, લાગણી સાથે મને અર્પણ કરવા માટે કોઇ પણ વૃક્ષનું ફળ ભક્ત મને બતાવે છે અને હું મારા બંને હાથ ભક્ત સામે કરીને તે ફળનો સ્વીકાર કરું છું અને રૂચિપૂર્ણ રીતે સેવન કરું છું**



પોતાનો ગ્રંથ ‘જ્ઞાનેશ્વરી’માં ઉપરોક્ત શ્લોકનું રસાળ ભાષ્ય લખ્યું છે. “હે અર્જુન! ભક્ત મને ચાહે છે. એ વાત ખરી પણ ખરી રીતે હું જ ભક્તોને બહુ જ ચાહું છું. પ્રેમ, ઉત્સાહ, લાગણી સાથે મને અર્પણ કરવા માટે કોઈ પણ વૃક્ષનું ફળ ભક્ત મને બતાવે છે અને હું મારા બંને હાથ ભક્ત સામે કરીને તે ફળનો સ્વીકાર કરું છું અને રૂચિપૂર્ણ રીતે સેવન કરું છું. હે - કૌંતેય! ભક્તિભાવથી કોઈ ભક્ત મને એક ફૂલ અર્પણ કરે છે તો ફૂલને સૂંઘવાને બદલે હું અધીરો થઈને તે ફૂલનું પણ સેવન જ કરું છું. હે અર્જુન! આ તો સરળ વાત છે, ફૂલની વાત છોડો પણ ભક્ત મને કોઈ પણ વૃક્ષનું પાન અર્પણ કરે તો પણ તે પાન તાજું હોય કે શુષ્ક થયેલ હોય પરંતુ તે પાન ભક્તિભાવથી ભરેલું છે એમ જાણીને ભૂખથી વ્યાકુળ થયેલ જેમ અમૃત સેવન કરીને સંતોષ પામે છે, તેવી જ રીતે હું પણ તે પાન જ આનંદવિભોર થઈને ખાવા લાગું છું. પણ જ્યારે પ્રેમી ભક્ત પર એવો પ્રસંગ આવે છે કે ફૂલ, ફળ કે પર્ણ પણ ન મળે ત્યારે પાણી તો મળી શકે છે. એના માટે કોઈ ધનની જરૂર લાગતી નથી, તે પાણી ગમે ત્યાં ખટપટ કર્યા વગર મળી શકે છે, તે પાણી- ઉદક-તોય - ભક્તિભાવથી મને અર્પણ કરતા હું અત્યંતિક પ્રભાવી, ઉત્કટ અને સ્નેહી બનું છું અને ભક્તે મને વૈકુંઠથી પણ વિસ્તીર્ણ મંદિરો બનાવી આપ્યા છે, કૌસ્તુભથી પણ ઉત્તમ વસ્ત્ર અલંકાર આપ્યા છે, ક્ષીરસાગરની જેમ મનોહર દૂધની શય્યાગૃહે મારા માટે ઊભી કરી છે અથવા કપૂર, ચંદન, કેસર, અગરૂ જેવા સુવાસિત પદાર્થોનો મેરૂપર્વત મારા માટે સ્થાપિત કર્યો છે અથવા મારી સામે જે દીપમાળા હોય તેમાં તેલ ન પૂરે પણ એ સ્થાને સૂર્ય જેવી દીપમાળા પ્રજ્વલિત કરી છે, ગરૂડ સમ વાહન ઉપલબ્ધ કર્યા છે, કલ્પતરુના ઉદ્યાનો અને કામધેનુઓ મને અર્પણ કરી છે અને અમૃત જેવી રસભરિત રસોઈ અને પકવાનો મને ભકતરાજે આપ્યા છે. એવું જ સમજીને, ભક્ત દ્વારા મને પ્રેમથી આપેલ એક બુંદ પાણીથી હું સંતુષ્ટ થાઉં છું. બીજું બધું જ એમાં સમાઈ જાય છે. હે ધનંજય! આ બધી વાતો તને કહેવાની જરૂર નથી - કારણ તેં તો પોતાની આંખે જોયું છે કે મિત્ર સુદામાના ઘરેથી તાંદુલના પૌંઆને સાદા કપડામાં બાંધીને મારા માટે મોકલેલા કપડાની ગાંઠ મેં જ છોડી હતી. કારણ મને ફક્ત પ્રેમભાવ જ પ્રસન્ન કરે છે. કોઈ નાનો છે, ગરીબ છે, ન્યાતજાતિનો ભેદભાવ હું કરતો નથી. અનન્ય પ્રેમ ભાવથી આપેલ ફળ-ફૂલ-પર્ણ કે ટીપું પાણી મારા માટે કંચન કે અમૃતથી પણ મૂલ્યવાન છે. અનેક પ્રકારની ચીજવસ્તુઓ અર્પણ કરવી આ ભક્તિનું નિમિત્ત માત્ર છે. હું ફક્ત ને ફક્ત શુદ્ધ, સાત્ત્વિક, નિર્મળ ભક્તિને માનું છું. એવા અનન્ય ભક્તિ કરવાવાળા મને વહાલા છે. એવા ભક્તોને હું મનથી ચાહું છું, ઈચ્છું છું અને એને મળવા જાઉં છું. શુદ્ધ અને નિર્દોષ ભક્તિ મને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. એટલે જ હે અર્જુન! તું મનથી, શ્રધ્ધાથી, બુદ્ધિ સાથે પોતાના મનોરૂપી મંદિરમાં મારું સ્મરણ કરવાનું ક્યારે પણ ભૂલતો નથી. હું તો નિર્મળ પ્રેમનો અભિલાષી છું.

હરિ ૐ તત્સત, હરિ-હરિ-હરિ -

હરિનું નામ સર્વ કષ્ટ- દુઃખોનો નાશ કરવાનું સાધન છે.

ૐ - તત્ - સત - આ બ્રહ્માંડ નિર્માતાના ત્રણ નામો છે. આ કલીયુગમાં અને આજની સામાન્ય સ્થિતિમાં ‘હરિ ૐ તત્સત’ આ ખૂબ સિધ્ધરૂપ પાવન મંત્ર છે. તેનો જપ સ્મરણ ઉપકારક છે. દેવધર્મ અને દેશ, ભારતખંડનું દૈવત છે.શ્રીમદ્ ભગવદ્ ગીતાનું વાંચન સનાતનીઓ માટે પૂજન છે.

# શિવ ચરિત્ર

**પંચામૃત**

**નીલાક્ષી પરીખ**

મિત્રો, આપણે દુષ્ટ અને મચ્છરના વ્યવહારની વાત જોઈ, સ્વભાવ જોયો. તમને કદાચ નવાઈ લાગશે કે કરડનારો મચ્છર માદા છે. એ પ્રેગનેન્ટ હોય ત્યારે પોતાના બચ્ચાના પોષણ માટે કરડે છે. કહેવાય છે કે જેમણે કેળું ખાધું હોય તેના પર વધારે પ્રેમ વરસાવે છે! શું ખબર કેમ? પણ સ્ટડી કહે છે કે નિડર બનીને કરડે! મચ્છર એવું થોડું વિચારે કે આ તો પૂજનીય પંડિતજીના ચરણ છે. લોકો એનો સ્પર્શ કરે, પૂજે. આ તો મિનિસ્ટર ને ય કરડે! કૂતરું પશુપાલન મંત્રી ને ય કરડે! વાઘ પણ ઝપટે એ ન વિચારે કે આ તો પદ્મશ્રી છે, પદ્મભૂષણ છે! એ જ પ્રમાણે દુષ્ટ પ્રવૃત્તિના લોકો છે એ એવું ન વિચારે કે આ તો સમાજને અમૃત વહેંચનારા છે, ઉપકારક છે સમાજને. દુષ્ટ લોકો તો મહાપુરુષ માટે ય ઝેર ઓકશે. એ એમની પ્રવૃત્તિ છે, ભૂમિકા છે અને એમની ફરિયાદ પણ શું? એ એવા જ છે. અમૃત વિતરક કરનારાને ય લોકો વિષ પીવડાવશે. વરદાન આપનારા વિષ્ણુને નારદજીએ શાપ આપ્યો. જો કે દેવર્ષિ નારદ દ્વારા અપાયેલો એ શાપ વિશ્વ માટે ઉપકારક બન્યો કારણ કે એને કારણે ભગવાનનો અવતાર થયો. કથા કહે છે કે જે કામ કરવાનું હતું તે કરાવ્યું માયાનું આવરણ હટાવી દીધું. ન રાજકુમારી વિશ્વમોહિની હતી, ન નગર હતું અને ન તો લક્ષ્મી હતી. દેવર્ષિ નારદ અચાનક જાણે ઊંઘમાંથી જાગી ગયા. નશો ખતમ થયો અને વાસ્તવિકતાનું ભાન થયું. ક્ષમા યાચના કરી કે ‘મેં આ શું કર્યું? પ્રભુ! મેં ન જાણે આપને શું-શું સંભળાવ્યું, અરે શાપ આપી દીધો! મને ક્ષમા કરો. મારા શાપને મિથ્યા કરો.’ ભગવાન વિષ્ણુએ કહ્યું, ‘આ તો મારી જ ઈચ્છા હતી મારે જ આ બધું થયું છે.’ નારદજી કહે - ‘પ્રભુ, આ પાપથી હું કેવી રીતે બચીશ? એક કામને જીત્યો એનું મને આટલું અભિમાન થયું કે વાત નહીં સુધી પહોંચી. પ્રભુ, અનુગ્રહ કરો.’ ભગવાન વિષ્ણુએ જે કહ્યું એની આપણે ચર્ચા કરી રહ્યા છીએ કે તમે વૈષ્ણવ છો. તમે મારું ભજન કર્યું. કામને તમે જીતી લીધો. પણ કામ જીત્યાનું અભિમાન એને તમે જીતી ન શક્યા. એ અહંકારને જીતવાનો છે. જીવનમાં દીનતા લાવવાની છે. એક કામ કરો. જે હિમગિરિ ગુફામાં બેસીને તમે મારું ભજન કર્યું છે ત્યાં જઈ શંકરજીનું ભજન કરો. શંકરજી અહંકારના દેવ છે તમને દીનતાનું દાન કરશે. શંકરજી પરમ વૈષ્ણવ છે. શ્રીમદ્ ભાગવત કહે છે - અહંકારના દેવ છે શંકરજી. પણ ભિખારી એવા કે અન્નપૂર્ણા ન હોતી તો ગુજારો મુશ્કેલ! કેટ-કેટલાં ખાનારા, પાછા ખૂબ ખાનારા! જુઓ, બાપ ચતુરાનન (બ્રહ્માજી), સ્વયં પંચાનન, બેટા કાર્તિકેય ષડાનન, સાથે ગજાનન. વળી નંદી. આવા તગડા ખાનારા, ભૂખે મરતે જો અન્નપૂર્ણા ન હોતી. ભીખ માંગો તો દીનતા હોવી જોઈએ. શંકરજી પાસે શું માંગવું એ પણ શીખો. તુલસીજી વિનયપત્રિકામાં લખે



- ‘ જાચિયે ગિરજાપતિ કાશી, જાસુ ભવન અણિમાણિકદાસી.’ આમ જુઓ તો સંસારનો સૌથી મોટો ભિક્ષુક અને સંસારનો સૌથી મોટો દાતા પણ! ગજબ છે શંકરજીનું ચરિત્ર! એમની પાસે માંગો. શંકરજી પાસે આપણે કલ્યાણની કામના કરીએ છીએ. ‘સદાચરણ તત્પરઃ’ આ સદાચરણ તત્પર - સદા આચરણ તત્પર વર્ણાશ્રમ ધર્મનું જે ધર્માચરણ છે એમની પાસે યાચના કરું છું હે મહાદેવ! તમે ધર્મરૂપ વૃક્ષનું મૂળ છો. ‘મૂલં ધર્મ તરુહુ’ વર્ણાશ્રમ ધર્મની વાત. ધર્મનો સંબંધ કેવળ ચર્ચાથી નથી, ચર્યાથી છે. ધર્મચર્યા મહત્ત્વપૂર્ણ છે. વર્ણાશ્રમની દ્રષ્ટિએ જોઈએ તો - બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, શૂદ્ર. બ્રાહ્મણ માટે સદાચરણ તત્પરઃ બ્રાહ્મણ સદૈવ ઉત્તમ આચરણમાં તત્પર હોય, વર્ણોનો ગુરુ છે. સર્વોત્તમ ગુરુ એ છે જે સ્વયં પોતાના આચરણથી બીજાને શીખવે. ફક્ત ઉપદેશ નહીં, પહેલાં શ્રવણ, પછી મનન પછી આચરણ અને ઉપદેશ. ઉપદેશ તો ચોથું ચરણ છે. નહીં તો પર ઉપદેશ કુશલ બહુતેરે એક મહાત્મા હતા. ખૂબ સુંદર, પ્રભાવક પ્રવચન કરતા, એક મહાત્માની નજીક રહેતા-રહેતા મહારાજની જીવન ચર્યા જોઈ, તેનાથી રહેવાયું નહીં કહ્યું- મહારાજજી, માફ કરજો. આપ વાતો તો ખૂબ ઊંચી ઊંચી કરો છો, ઉપદેશ સરસ આપો છો પણ આપનું આચરણ એવું નથી તો મહારાજ બગડ્યા. કે - બોલવાનું પણ મારે અને આચરણ પણ મારે કરવાનું તો બધું જ મારે કરવાનું તો તમે શું કરશો? ચાલો, આપણે કામ વહેંચી લઈએ - બોલીશ હું અને કરજો તમે. પૂ. ડોંગરેજી મહારાજ કહેતા કે એક જગ્યા એ એક મહારાજ કથા સંભળાવતા હતા. એક માઈ પોતાના દીકરાને લઈને આવ્યા. પ્રણામ કર્યા, દીકરાની પાસે પ્રણામ કરાવ્યા. કહ્યું- આશીર્વાદ આપો. એને એક ખરાબ આદત છે- ગોળ ખાવાની. ખૂબ ગોળ ખાય. સમજાવો તો ન માને. આપ સમજાવો. મહારાજે કહ્યું- ઠીક છે માઈ, ખૂબ પ્રેમાળ બાળક છે. ૭ દિવસ કથા ચાલવાની છે પૂર્ણાહુતિ પર લાવજો. હું સમજાવીશ. પૂર્ણાહુતિ પર માઈ બાળકને લઈને પહોંચી. પ્રણામ કર્યા મહારાજજીએ માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. બડે પ્યારે હો, બેટા ગુડ બહુત અચ્છા લગતા હૈ? બચ્ચેને નિર્દોષતાસે હામી ભરી. ઠીક હૈ, કભી-કભી ખાઓ, જ્યાદા મત ખાઓ. જ્યાદા ખાના સ્વાસ્થ્યકે લિયે ઉચિત નહીં હૈ. પ્યારસે બચ્ચેને કહા- ઠીક હૈ, જૈસા આપ કહો. માઈસે કહા-

> **આ સદાચરણ તત્પર - સદા આચરણ તત્પર વર્ણાશ્રમ ધર્મનું જે ધર્માચરણ છે એમની પાસે યાચના કરું છું હે મહાદેવ! તમે ધર્મરૂપ વૃક્ષનું મૂળ છો**

અબ નહીં ખાયેગા. માઈ બોલી- યે બાત તો આપ પહેલે દિન ભી બોલ સકતે થે, આપને 7 દિન લગા દિયે? ઈતને દિન મેં તો 2 શેર ગુડ ખા ગયા! હા, માઈ ઉસી દિન સમજાવતા તો બાત નહીં બનતી, ક્યોં? તબ મૈં બહુત ગુડ ખાતા થા, મૈંને ઈન 7 દિનોંમેં છોડા. અબ લગા કિં મૈં અબ કુછ કહેનેકી યોગ્યતા મેં હૂઁ ઈસકો સમજાને કી સ્થિતિમાં હૂઁ. પહેલે કહતા તો અસર નહીં હોતા. સંત ભલે હી જ્યાદા પઢે લિખે, વિદ્વાન, પંડિત ન હો પર ઉનકે જીવનમેં જે ત્યાગ, પવિત્રતા, આચરણ કા મહત્વ હૈ.

[ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે]